સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

જોરને-જુલમ, દબાણોથી રમત રમાય છે!
ધાક-ધમકીથી ભારત બદનામ થાય છે!
જાય છે આબરૂ પક્ષની સત્તાના ગુમાનમાં -
ધાક ને ધમકીથી લોકશાહી માર ખાય છે!
('ટાઈમ મેગેઝીન' નું પ્રમાણપત્ર)

હાઈકુ

મળી જાય છે,
દલ્લો ભ્રષ્ટાચારનો -
ચૂંટાયા વિના !
('બીન હરિફ' બદનામી)

દાંત કચાવે !
ને ખંચાય છે નસો -
ધૂજે હિંમત !!
(ચૂંટણીમાં ભયનો માહોલ)

ચિંતન

શ્વઃ કાર્યમદ્ય કુર્વીત પૂર્વાહ્ને ચાપરાહ્નિકમ્ ।
ન હિ પ્રતીક્ષતે મૃત્યુ કૃતં વાસ્ય ન વા કૃતમ્ ।

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

આવતીકાલનું કામ આજે કરવું જોઈએ. અને દિવસના પાછળના ભાગ કામ દિવસના આગળના ભાગમાં કરવું જોઈએ, કારણ કે આનું કામ થયું કે નથી એની રાહ મૃત્યુ જોતું નથી.

'મુલત્વી રાખવામાં માઠાં ફળ' એ વાત અહીં રજૂ થઈ છે. આળસ છોડી ઉદ્યમ કરવાની અને જીવનમાં અમુક વર્ષોના કાર્યો વહેલા ભલામણ કરવાનું કારણ પણ અહીં પ્રસ્તુત છે. મૃત્યુ તમે અમુક કાર્ય પૂર્ણ કરશો તેની રાહ જોતું નથી.

બાળક હોય કે વૃદ્ધ પોતાનાં કાર્યો કર્યા હોય કે ન પૂરા કર્યા હોય, રાજા હોય કે રંક, સ્ત્રી હોય કે પુરુષ કશું જ જોયા વિના તેના સમય થાય એટલે લઈ જાય છે. જન્મથી મનુષ્યની પાછળ મૃત્યુ દોડવાનું આરંભ કરે છે. મનુષ્યને પોતાના આયુષ્યની જાણ નથી તેથી મૃત્યુ ન આવે ત્યાં સુધીમાં જેટલાં કાર્યો આળશ છોડી કરી લેશે તેટલું તેનું જીવન વધુ સફળતાને વરશે.

સુવિચાર

- આળસુને વર્તમાન અને ભવિષ્ય હોતું નથી - **ચાણક્ય**
- તમે જો દ્વેષ છોડી દીધો તો તમારે સન્યાસ લેવાની જરૂર નથી - **મોરારિ બાપુ**
- સુંદર મન વિનાનો સુંદર ચહેરો કાચની આંખ જેવો છે, કાચની આંખ ચમકશે પણ જોઈ શકશે નહીં - **ડેલ કાર્નેગી**
- કેવી રીતે કાફલો મંજિલ ઉપર પહોંચી શકે ? મૂલ્ય મંજિલથી વધુ જયાં કાલફાનું થઈ ગયું !! - **મુકબિલ ફુરેશી**
- વિચારો દુનિયાના સૌથી મોટા કોરિયોગ્રાફર છે, તમારે કોરિયોગ્રાફર પાસેથી કેવો ડાન્સ શીખવો છે એ તમારા હાથની વાત છે કોરિયોગ્રાફર ને છૂટ્ટો દોર આપો તો એના ઈશારે જ નાચવું પડે છે - **જેરમી ટેલર**
- સફળતા અતિશય ચંચળ છે એટલે જ તેને પ્રાપ્ત કરવા માટે તીવ્ર કરવા માટે તીવ્ર એકાગ્રતાની જરૂર પડે છે. ઘણા લોકો ઉગ્ર બની જાય છે, જે ઉગ્રહ બને છે તે કયારેક એકાગ્ર બની શકતો નથી - **ક્રિશ્નકાંત ઉનડકટ**
- આજનું ઔષધ : ગોળ ને લિંડી પીપર નવશેકું ગરમ કરીને અડધી ચમચી ખાવાથી અજીર્ણમાં રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

વીર રાઠોડ યશવંતસિંહના નેતૃત્વમાં રાજપૂતોએ મુરાદના સૈન્ય ઉપર હુમલો કર્યો. મુરાદ પાસે ખૂબ મોટું સૈન્ય હોવાથી યશવંતસિંહને હાર સ્વીકારવી પડે તેવો સમય આવ્યો. આથી તેઓ પોતાના વધેલા સૈન્ય સાથે યુદ્ધ મેદાનમાંથીથી પરત ફરી રહ્યા હતા. તેમના મહારાણી માયા કે જેઓ ઉદયપુરના રાણાની પુત્રી હતા. તેમને આ ખબર મળ્યા કે તેમના પતિ. યુદ્ધ મેદાનમાંથી ભાગીને આવી રહ્યા છે ત્યારે તેમણે દ્વારપાળને કિલ્લાનો દરવાજો બંધ કરવાનો આદેશ આપ્યો. આ વિચિત્ર આદેશ સાંભળી દરબારીઓને આશ્ચર્ય થયું. એક દાસીએ પૂછ્યું, 'મહારાણીજી, તમે આવું કેમ કરી રહ્યા છો?' દરવાજો બંધ થવાથી મહારાજ કયાં જશે ? એક સ્ત્રીનું કર્તવ્ય પણ છે ને કે, પતિની સાથે આવેલી આફતમાં તેનો સાથ આપે. 'રાણીએ ગુસ્સામાં જવાબ આપ્યો.' હું એક રાજપૂત સ્ત્રી છું, રાજપૂત સ્ત્રી પોતાના પતિની કાયરતા કયારેય પસંદ કરતી નથી. જે શત્રુને પીઠ બતાવીને આવી રહ્યા છે. તે મારા પતિ હોઈ જ ન શકે. આ વાત જયારે મહારાજા યશવંતસિંહ પાસે પહોંચી તે એમણે રાણીની વાત સમજાઈ ગઈ. તેમણે બીજા વધારે સૈનિકો લઈ મુરાદના સૈન્ય સામે યુદ્ધ કર્યું અને વિજય મેળવીને પરત ફર્યા.

મોંઘવારી આસમાને પહોંચી છે

તંત્રીસ્થાનેથી...

કલ્પનામાં ન આવે એ હદે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં એકધારો ઉછાળો આવી રહ્યો છે. સરકાર આ મુદ્દે સાવ જ મૌન છે. પેટ્રોલ સૌ રૂપિયાની મર્યાદા વળોટી ચૂક્યું છે. પ્રિમિયમ પેટ્રોલ એથી પણ ઉપરના ભાવે વેચાય તે સ્વાભાવિક છે. કેન્દ્ર અને રાજય સરકારની ડ્યૂટીને કારણે પચ્ચીસ ત્રીસ રૂપિયાની મૂળ કિંમત વાળું ઈંધણ એનાથી ત્રણ ચાર ગણા બાવે વેચાય છે. પ્રજાની પરેશાની નો નથી સરકારને અહેસાસ કે નથી વિપક્ષોને આ મુદ્દો ઉઠાવતાં આવડતો. નેતાઓ ધર્મના નામે, કાશ્મીરના નામે અને કહેવાતા વિકાસના નામે વિતંડાવાદ ચલાવ્યે રાખે છે. પાયાની જરૂરિયાત સમી આ રોજિંદી બાબતો તરફ કોઈને નજર સુધ્ધાં કરવાની ફુરસદ નથી. પ્રજા પણ માર ખાવા ટેવાઈ ગઈ છે. પ્રજાએ જાણે વિરોધ કરવાની જૂની પેઢીવાળી આવડત જ ગુમાવી દીધી છે. પેટ્રોલ અને ડીઝલ પેદા કરતા દેશોએ જયારે તળિયાના ભાવે એમની તેલ પેદાશો વેચી ત્યારે પણ ભારતમાં તો પેટ્રોલ - ડીઝલના ભાવો ઊંચા ને ઊંચા જ રહ્યા. કેન્દ્ર સરકાર આ સોનાનાં ઈંડા મૂકતી મરઘીને ઓળખી ગઈ છે એટલે રિફાઈનરીઓનાં તળિયાના ભાવ હતા ત્યારે ડ્યૂટી વધારી દઈને પ્રજાનાં ખીસાં ખંખેરી લેવાના જ કારસા થતા રહ્યા. રાજય સરકારોને પણ ડ્યૂટીમાં ઘટાડો કરવામાં રસ નથી. પરિણામે રોજેરોજ પ્રજાનું બજેટ ખોરવાતું જાય છે. જયારે કંપનીઓને રોજિંદા ઉત્પાદન મુજબ ભાવ આપવાની પદ્ધતિ અમલમાં મુકાઈ ત્યારે પ્રજા એમ માનતી હતી કે ઉત્પાદન કરતી રિફાઈનરી ભાવ ઘટાડશે ત્યારે આપણે ઓછા ભાવે પેટ્રો પેદાશો ખરીદી શકીશું. સરકારો ડ્યૂટી વધારીને પ્રજાને ડિંગો બતાવી દીધો છે. ખેડૂતો માટે ટ્રેકટર અનિવાર્ય સાધન બની ગયું છે. સ્કૂટર - બાઈક કે ફોર વ્હીલર વ્યક્તિની અનિવાર્ય જરૂરિયાત બની રહેલ છે. આમ જે ચીજ રોજેરોજ ખરીદવી જ પડે એમ હતી એને જીએસટીમાંથી બાકાત રાખીને સરકારે પ્રજા સાથે નરી છેતરપીંડી જ આચરી છે. સરકાર એના માનીતા ઉદ્યોગપતિઓને ન્યાલ કરી રહી છે. આ જ ભારતીય જનતા પાર્ટી મોંઘારીના મુદ્દે શેરીઓમાં ઉતરી આંદોલન કરતી હતી. એને બદલે આજે એનો એક પણ નેતા આ મુદ્દે વાત સુધ્ધાં કરવા તૈયાર નથી. બિહારના મુખ્યમંત્રીથી લઈ કેન્દ્રીય પરિવહન મંત્રી ગડકરી સુધી બધાનાં મોઢાં સિવાઈ ગયા છે. પેટ્રો પેદાશોનો ભાવવધારો રોકી શકવાનું પોતાનાં હાથમાં નથી એવી લાચારી સાથે તેઓ વૈકલ્પિક ઊર્જા - ઈલેકટ્રિક વાહનો વાપરવાની સુફિયાણી સલાહ આપી છટકી જાય છે. વડાપ્રધાન પેટ્રો પેદાશોની આયાત ઓછી કરવાની સલાહ આપે છે ! જૂની સરકારોના માથે દોષનો ટોપળો ઢોળી દેવાની તક ચૂકતા નથી. પ્રજાની પડખે રહી આવા મુદ્દે આંદોલન કરવાની ક્ષમતા વિપક્ષો પણ ગુમાવી ચૂક્યા છે. મોંઘવારી જાણે કોઈ મુદ્દો જ નથી રહ્યો તંત્ર 'રામ' ભરોસે ચાલે છે અને સત્તા પણ રામભરોસે જ મળતી રહે છે!

વૈદ્યનો ધર્મ

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

એનું નામ સુષેણ હતું. એ વૈદ્યરાજ હતા - ઉત્તમ વૈદ્ય. એ રાજવૈદ્ય હતા. લંકાધિપતિ રાવણના વૈદ્ય હતા.

એકવાર એ નિત્યકર્મ મુજબ શયનખંડમાં ગયા અને પલંગ ઉપર સૂઈ ગયા. થોડા સમય પછી તેની નિંદર ઉડી; ત્યારે એને અનહદ આશ્ચર્ય થયું. એ સૈનિક છાવણીમાં હતા! એણે રામને જોયા. ઊભા થઈને, સુષેણે એમને પ્રણામ કર્યા. સામે લક્ષ્મણ મૂર્છિત અવસ્થામાં સુતેલા હતા. સામે વિભિષણ હતા.



વિભિષણે સુષેણને કહ્યું, 'આજે યુદ્ધમાં મેઘનાદે આ લક્ષ્મણની છાતીમાં શક્તિ પ્રહાર કર્યો. એ બેભાન થઈ ગયો. હજુ સુધી ભાનમાં આવતો નથી. અમને ચિંતા છે. એનો ઉપચાર તમારે કરવાનો છે. તમને તમારા શયનખંડમાંથી પલંગ સહિત આ હનુમાન અહીં લઈ આવ્યા છે. મને તમારામાં વિશ્વાસ છે. તમે આને બેઠો કરી શકશો.'

સુષેણે વિચાર કર્યો -

(૧) આ યુદ્ધ ચાલુ છે. તેમાં હું શત્રુપક્ષે છું. રાવણનો જ વૈદ્ય છું. તેમ છતાં આ વિભીષણે મારામાં વિશ્વાસ મૂક્યો છે. શ્રદ્ધા વ્યક્ત કરી છે. ત્યારે હવે મારી પણ ફરજ બની જાય છે કે આનો ઉપચાર કરું. એણે મારામાં મૂકેલાં વિશ્વાસને સાર્થક કરું.

(૨) મારો વૈદ્ય તરીકેનો ધર્મ છે. કોઈ દર્દી મારી પાસે ઉપચાર માટે આવે તો મારે આ મિત્ર છે કે શત્રુ; એ જોવાનું નથી. મારું કામ એને સાજો કરવાનું છે.'

સુષેણે ઉપચાર માટે સંમતિ આપી; એટલા માત્રથી વિભીષણને આનંદ થયો.

સુષેણે લક્ષ્મણની શારીરિક તપાસ કરીને કહ્યું, 'ચિંતાનું કારણ નથી. મને સંજીવનીનો છોડ લાવી આપો. હિમાલય પ્રદેશમાં દ્રોણ પર્વત છે. ત્યાં એ ઊગે છે.' દુર્ગમ કાજતે સુગમ કરી આપે,તે હનુમાન. એણે રામને પ્રણામ કર્યા. અને પ્રસ્થાન કર્યું.

ઘણો વિલંબ થયો. રાત વીતતી જતી હતી. સવાર પડવાની તૈયારી હતી. છાવણીમાં ચિંતા હતી. રામ શોકમગ્ન હતા. એવામાં હનુમાન દેખાયા! એમના જમણા હાથમાં પર્વત હતો! એણે સ્પષ્ટતા કરી -

'મારે આવતા વાર લાગી. જતો હતો, ત્યારે રાવણની આજ્ઞાથી અસુર કાલનેમિએ મને રોકવાનો પ્રયત્ન કર્યો, પરંતુ મેં એનો વધ કર્યો. પાછો ફરતો હતો ત્યારે અયોધ્યાની બહાર નંદિગ્રામમાં ભરત સાથે આકસ્મિત મેળાપ થયો. મને સંજીવની છોડમાં ખબર ન પડે; આ પર્વત જ લઈ આવ્યો.'

સૌ કોઈ પ્રસન્ન થયા. સુષેણે સંજીવની છોડના પાંદડાને લસોટીને એનો રસ કાઢ્યો. લક્ષ્મણના મુખમાં એનાં ટીપાં નાખ્યાં. આ રસપાનની ચમત્કારિક અસર થવા માંડી. લક્ષ્મણની મૂર્છા વળી ગઈ. જાણે કશું જ બન્યું હોય, એમ એ આળસ મરડીને; બેઠો થઈ ગયો ! છાવણીમાં આનંદ છવાઈ ગયો.

સુષેણે શ્રીરામને પ્રણામ કર્યા અને કહ્યું, 'આપના આશીર્વાદ જ મને મોટો પુરસ્કાર છે.' રામની આજ્ઞાથી હનુમાને સન્માનસહિત સુષેણને પાછા મૂકવા ગયા.

રાવણને ખબર પડી - એણે પોતાનું માથું કૂટ્યું!

ગુજરાતમાં નગરપાલિકા અધિનિયમ કયારે અમલમાં આવ્યો?

ખજાનો
અનિલ પટેલ

પંચાયતી રાજ

૧ જિલ્લા આયોજન મંડળના અધ્યક્ષ કોણ હોય છે?
(અ) મામલતદાર (બ) જિલ્લા વિકાસ અધિકારી
(ક) કલેકટર (ડ) તાલુકા વિકાસ અધિકારી

૨ કલેકટરે જિલ્લાના વહીવટ સંબધી રિપોર્ટ કોને આપવાનો હોય છે ?
(અ) રાજય સરકારને (બ) વડાપ્રધાનને
(ક) મુખ્ય સચિવને (ડ) મુખ્યમંત્રીને

૩ ભારતમાં કલેકટરનો હોદ્દો કઈ સાલથી અમલમાં છે ?
(અ) ૧૯૮૪ (બ) ૧૯૮૫
(ક) ૧૯૪૫ (ડ) ૧૭૮૪

૪ ગુજરાતમાં નગરપાલિકા અધિનિયમ કયારે અમલમાં આવ્યો ?
(અ) ૧૯૬૩ (બ) ૧૯૫૮
(ક) ૧૯૮૫ (ડ) ૧૯૩૬

૫ ૭૩મો બંધારણીય સુધારો પંચાયતોના સંદર્ભમાં કયારથી અમલમાં આવ્યો ?
(અ) ૧૯૯૦ (બ) ૧૯૯૩
(ક) ૧૯૯૫ (ડ) ૧૯૯૭

૬ ગ્રામ પંચાયતના વડાને શું કહે છે ?
(અ) પ્રમુખ (બ) ગ્રામ વિકાસ અધિકારી
(ક) તલાટી કમમંત્રી (ડ) સરપંચ

૭ પંચાયતી રાજની સ્તર રચનામાં સૌથી નીચેનું એકમ કયું છે ?
(અ) ગ્રામ પંચાયત (બ) તાલુકા પંચાયત
(ક) જિલ્લા પરિષદ (ડ) જિલ્લા પંચાયત

૮ રાજય જાહેર સેવા આયોગના ચેરમેન અને સભ્યોની નિમણૂંક કોણ કરે છે ?
(અ) મુખ્યમંત્રી (બ) રાજયપાલ
(ક) વડાપ્રધાન (ડ) રાષ્ટ્રપતિ

૯ પંચાયતી રાજયનો ઉદ્દેશ શું છે ?
(અ) જાહેર બાંધકામ વિકાસ (બ) કૃષિ વિકાસ
(ક) સ્થાનિક લોકશાહી વહીવટ (ડ) પછાત જ્ઞાતિ વિકાસ

૧૦ કેન્દ્રીય જાહેર સેવા આયોગ કોને રીપોર્ટ મોકલે છે ?
(અ) વડા ન્યાયમૂર્તિને (બ) વડાપ્રધાનને
(ક) આયોજન પંચને (ડ) રાષ્ટ્રપતિને

૧૧ ગામના નબળા વર્ગના લોકોને સામાજિક ન્યાય મળે તેવા કાર્ય કોણ કરે છે ?
(અ) સામાજિક ન્યાય (બ) સમાધાન પંચ
(ક) તાલુકા ન્યાયાધીશ (ડ) સરપંચ

૧૨ ભારતમાં પંચાયતોનું અસ્તિત્વ કયાં સમયથી હતું ?
(અ) વૈદિક કાળથી (બ) રાજપુત યુગમાં
(ક) મોગલ યુગથી (ડ) મૌર્ય યુગથી

૧૩ ગ્રામ પંચાયતનું અંદાજપત્ર કોણ પસાર કરે છે ?
(અ) સરપંચ (બ) તલાટી
(ક) ગ્રામસભા (ડ) તાલુકા પંચાયત

૧૪ કઈ પંચવર્ષીય યોજનામાં સામુદાયિક વિકાસ કાર્યક્રમ શરૂ થયો ?
(અ) પહેલી (બ) બીજી
(ક) ત્રીજી (ડ) ચોથી

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- ૧૯ ફેબ્રુઆરી :
  - મહારાષ્ટ્રનું રતન ગોપાલકૃષ્ણ ગોખલેનું નિધન (૧૯૧૫)
  - મહાન ખગોળશાસ્ત્રી નિકોલસ કોપરનીક્સનો જન્મદિવસ (૧૪૭૩)
  - અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ફ્રેન્કલીન રુજવેલ્ટે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાન સાથે એક્ગ્લુસીવ ઓર્ડર પર સાઈન સરી (૧૯૪૨)
  - થોમસ આલ્વા એડિશને ફોનોગ્રાફની શોધની પેટન્ટ કરાવી (૧૮૭૮)
- ૨૦ ફેબ્રુઆરી :
  - નાશાએ પ્રોજેક્ટ મર્ક્યુરી સ્પેશકાફ્ટ દ્વારા પૃથ્વીના પરિભ્રમણ માટે પસંદ કરાયેલ સૌથી મોટા અવકાશયાત્ર જહોન ગ્લેન્સે કાર્ય પુરું કર્યું (૧૯૬૨)
  - બાર્બેરિયન સિંગર રિહાનાનો જન્મદિવસ (૧૯૮૮)
  - સોવિયટ યુનિયને સ્પેશ સ્ટેશન મીર મોડ્યુલ લોન્ચ કર્યું (૧૯૮૬)
  - મેક્સિકોના મિઓકેન સ્ટેટમાં પેરીકેટન નામનો જવાળામુખી સક્રિય થતાં બે ગામડાં નાશ પામ્યા (૧૯૪૩)
- ૨૧ ફેબ્રુઆરી : વિશ્વ માતૃભાષા દિવસ
  - ભારતીય વૈજ્ઞાનિક શાંતિસ્વરુપ ભટનાગરનો જન્મદિવસ (૧૮૯૫)
  - ઝિમ્બાવ્વેના રાષ્ટ્રપ્રમુખ રોબર્ટ મુગાબેનો જન્મદિવસ (૧૯૨૪)
  - અમેરિકન ઉદ્યોગપતિ જેમબો બલૂન દ્વારા સ્પેશિપિક સમુદ્ર પાર કર્યો (૧૯૯૫)
  - અમેરિકન લોયર અને પોલિટિશિયન બાર્બરા જોર્ડન આફ્રિકન અમેરિકન કોંગ્રેસના મહિલા સભ્ય બન્યા (૧૯૩૬)
- ૨૨ ફેબ્રુઆરી :
  - કસ્તૂરબા ગાંધીની પુણ્યતિથિ (૧૯૪૪)
  - સ્વાતંત્ર્ય સેનાની અબ્દુલ કલામ આઝાદનું નિધન (૧૯૫૮)
  - દુનિયાના પ્રથમ કલોનીંગની પેદા થયેલ ડોલી નામના ઘેટાનો જન્મ (૧૯૯૭)
  - અમેરિકન પૂર્વ રાષ્ટ્ર પ્રમુખ જયોર્જ વોશિંગ્ટનનો જન્મદિવસ (૧૭૩૨)
- ૨૩ ફેબ્રુઆરી :
  - ભારતીય ક્રિકેટર રમણ લાંબાનું નિધન
  - અમેરિકન જનરલ ઝેચરી ટેઈલરે 'બુએના વિસ્ટા' યુદ્ધમાં સેનાની આગેવાની લીધી (૧૮૪૭)
  - સાઉથ આફ્રિકન ક્રિકેટર હર્ષલ ગિબ્સનો જન્મદિવસ (૧૯૭૪)
  - લૂઈ બ્રેઈલનું ક્ષયના કારણે મૃત્યુ (૧૮૫૨)
- ૨૪ ફેબ્રુઆરી :
  - અમેરિકન પ્રમુખ એનયુ જહોન્સન સામે અમેરિકન સંસદમાં ઈમ્પીમમેન્ટ થઈ (૧૮૬૮)
  - રોમન રાજા ચાર્લ્સ વી નો જન્મદિવસ (૧૫૦૦)
  - અમેરિકન ગણિતશાસ્ત્રી કેથરીન જહોન્સનું અવસાન (૨૦૨૦)
  - અમેરિકન બિઝનેશમેન અને એપલના સ્થાપક સ્ટીવ જોબનો જન્મદિવસ (૧૯૫૫)
- ૧૨૫ ફેબ્રુઆરી :
  - રવિશંકર મહારાજનો જન્મદિવસ (૧૮૮૪)
  - ગુજરાતી સાહિત્યના અર્વાચીન યુગના સ્થાપક કવિ નર્મદની પુણ્યતિથિ (૧૮૮૬)
  - ફ્રેન્ચની વિશ્વ વિખ્યાત ચિત્રકાર પીયર - અગસ્ટે રેઈનોરનો જન્મદિવસ (૧૮૪૧)
  - ઓસી. ક્રિકેટર ડોન બ્રેડમેનનું ૯૨ વર્ષની વયે અવસાન (૨૦૦૧)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

લોકપ્રિય કિસાન નેતા મહેન્દ્રસિંહ ટિકૈતનું અવસાન કયારે થયું ?
જવાબ : ૧૫મી મે, ૨૦૧૧

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) મહેશ એમ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ
(૩) રાજેશ રાવલ : સે-૧૨ (૪) ઋજિત રાવલ : સે-૭ડી (૫) મૂળજીભાઈ પરમાર : સે-૭
(૬) પંકજ રમણભાઈ પટેલ : સે-૨ડી (૭) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૮) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી

આ સપ્તાહનો સવાલ

પોંડીચેરીના રાજયપાલ જેમણે તાજેતરમાં જ હોદ્દોનો ત્યાગ કર્યો તેમનું નામ શું ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

રોજેરોજ આમ ન ઉજવાય 'વી.ડે'?

હળવે હૈયે
પ્રકાશ લાલા

'વેલેન્ટાઈન ડે' પછીના દિવસે પાનના ગલ્લે બે પરણિત મિત્રો ભેગા થઈ ગયા. એકે પૂછ્યું બીજાને : 'ભાઈ, કેમ રહ્યો તારો વેલેન્ટાઈન ડે ?'

'જવા દેને યાર... દાવ થઈ ગયો !!'

'કેમ, કેમ ? શું થયું ? કયારે થયું ? કોની સાથે થયું ?'

'અલ્યા, એક સામટા આટલા બધા પ્રશ્નોનો મારો ના કર. તું તો જાણે જ છે કે સ્કૂલ ને કૉલેજમાં ય હું એકઝામ પેપર્સમાં પૂછેલાં બધા પ્રશ્નોના જવાબો પૂરા કયારે નહોતો આપી શકતો....'

'સૉરી.... ઓ.કે. પહેલો પ્રશ્ન.... તે કહ્યું કે કાલે તારે દાવ થઈ ગયો. તે શું થયું ? ભાભી સિવાય બીજા કોઈને ગુલાબ આપવા પહોંચી ગયેલો ?'

'ના, યા, ના... આમ તો આ 'વેલેન્ટાઈન ડે' ને બધું પહેલાં કયાં હતું અને આપણને કયાં ફાવે છે? પણ બે ચાર દિવસથી વોટ્સએપ યુનિવર્સિટીમાં એના વિશે જે ચાલ્યું અને તેંય કહેલું કે 'વેલેન્ટાઈન ડે' કંઈ કુંવારા ઊજવે એવું નહીં... આપણેય 'વાઈફો'ને આપણા પ્રેમની અભિવ્યક્તિ કહી શકીએ આ દિવસે....'

'તે બરાબર જ છે ને...'

'એટલે હું ઉત્સાહમાં આવી ગયેલો... સવારે 'ફલાવર શૉપ'માંથી તારી ભાભીના નામના ત્રણ અક્ષર અને મારા નામના ત્રણ અક્ષર મળી કુલ છ અક્ષરના મેળમાં છ ગુલામ ખરીદી લાવ્યો અને કિંચનમાં વ્યસ્ત 'કિચન ક્વિન' વાઈફ પાસે જઈ ગુલાબદસ્તો ધરી ખૂબ પ્રેમથી કહ્યું 'હેપ્પી વેલેન્ટાઈન ડે...'

'વાહ.... વેરી ગુડ'

'વાહ નહીં આહ... ઓહ થઈ ગયું....'

'મેં તારી ભાભીને પ્રેમથી કહ્યું, 'હેપ્પી વેલન્ટાઈન ડે' તો એણે હાથમાંથી વેલણને ટાઈટ પકડી ઉગામતાં ચીડાઈને કહ્યું : 'આ શું નાટક માંડ્યું છે?' મેં કહ્યું આજે જ વેલન્ટાઈન ડે છે તે યુ આર માય વેલન્ડાઈન...'

'રાઈટ ?'

'હા પણ એને આ બધું બિલકુલ રોંગ લાગ્યું.... ગુલાબ તો લીધાં પણ બહુ ખુશી ના થઈ એને. કહે હવે આપણને પરણ્યે પંદર વર્ષ થયાં.... આપણને આ ના શોભે....'

'તે શું કહ્યું ?'

'મેં વેલેન્ટાઈન ડે વિશે, એની ઊજવણી વિશે એની પાછળની ભાવના વિશે વોટ્સએપ પર, અખબારો-મેગેઝીનોમાં જે કંઈ વાંચ્યું હતું તે કહ્યું.. અરે જેના હૈયામાં ઉમળકો નથી એ યુવાન નહીં વૃદ્ધ છે... અને વસંત ઋતુ તો ઉમળકાની ઋતુ છે. હું એવું જાણીતા ચિંતક ગુણવંત શાહે લખ્યું છે.' એ જણાવી, આપણે હજી વૃદ્ધ ન થઈ ગયાં એટલે મારા અંતરનો ઉમળકો વ્યક્ત કરું છું... એમ કહ્યું....'

'પછી તો ભાભી રાજી થયાં ને?'

'એકદમ રાજી ના થઈ પણ ગુસ્સાથી તંગ બનેલો એની મુખાકૃતિ થોડી ઠીક થઈ... એટલે મેં હિંમતથી પૂછ્યું : આજે તારે શું ગિફ્ટ જોઈએ છે, બોલ...'

'ભાભીએ શેની ડિમાન્ડ કરી ? તેં શું ગિફ્ટ આપી ?'

'એણે કહ્યું, મને આવી એક દિવસની પ્રેમની અભિવ્યક્તિ અને ગિફ્ટમાં રસ નથી...'

'તો ?'

'મારે તો રોજે ઉજવવો છે વી.ડે. ને રોજ જોઈએ છે ગિફ્ટ ? મેં પૂછ્યું એટલે ? તો કહે.... મને રોજ બૂમો પડાવ્યા વિના વેળાસર ઊઠીને તમે પરવારી જાવ, ફ્રી હોવ ત્યારે મારાં નાનાં મોટાં કામો જેવાં કે ઘરમાં બધું સરખું - વ્યવસ્થિત રાખવું - ગોઠવવું, શાક સુધારી આપવું, તમારાં ટોવેલ, મોજા-રુમાલ - કપડાં ગમે ત્યાં કાઢીને - ડૂચો કરીને ના ફેંકી દો, કયારેક તમારા હાથે મસ્ત ચા બનાવીને પીવડાવો, વાતવાતમાં ગુસ્સો ના કરો કે બીજાં બધાની વચ્ચે મને ઉતારીના પાડો એવા તમારા પ્રેમની અભિવ્યક્તિ જોઈએ છે અને એ જ મારી તમારા તરફથી મને મળેલી સૌથી મોટી - મહામૂલી 'વેલેન્ટાઈન ડે' ગિફ્ટ બની રહેશે...'

'હેં ?'

'હા... પણ દોસ્ત, આમ જોઈએ તો તારી ભાભીની વાત સાવ સાચી જ છે ને... એક દિવસની પ્રેમાભિવ્યક્તિ દ્વારા એને ખુશ કરવા કરતાં એને મદદરુપ નહીં તો અગવડરુપ ન બનીને, એનાં કામોની કદર કરીને, કયારેક એને કામમાં સાથ આપીને કાયમ રાજી રાખીએ એમાં ખોટું નથી...'

'હં...'

'તારે 'વેલેન્ટાઈન ડે' કેવો રહ્યો...'

'મારી વાઈફે કંઈ બોલ્યા વિના, ખુશ થઈને ગુલાબ ને ગિફ્ટ લઈ લીધાં પણ મને લાગે છે કે એ કરતાં ભાભીએ કહેલી ગિફ્ટ જ સાચી 'વેલન્ટાઈન ડે' ગિફ્ટ કહેવાય!!